**બોરસદ રૂરલ પોલીસ સ્ટેશન ગુ. ર. નં.1215007250415–2025,BNS SEC.316 (2), 318(4),61(2),123,2044351(3) મુજબના ગુનાના કામે આરોપી ઈકબાલ અભેસિંહ માનસિંહ રાણા અરજી લગત હુકમ.**

-----------------------------------------------

**<u>ફોજદારી પરચુરણ અરજી નં.૨૮૫/૨૫</u>**

(૧) જામીન અરજી વંચાણે લીધી, આરોપીના વિ. વકીલ શ્રીને સાંભળ્યાં, વિ. એ. પી. પી. શ્રીને સાંભળ્યાં.

(૨) આરોપી તરફે એવી રજુઆત છે કે, આરોપી નિર્દોષ છે, આ ગુનામાં તેમને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે, ફરીયાદમાં નામ નથી.આરોપી નાસી ભાગી જાય તેમ નથી, આરોપી તેમની હાજરી માટે જામીન આપવા રાજી, ખુશી અને તૈયાર છે, આરોપીઓ શરતોનું પાલન કરવા તૈયાર છે, જેથી આરોપીને જામીન મુકત કરવા અરજ છે.

(૩) ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રી દવારા જામીન અરજી મંજુર કરવા સખત વાંધો હોવાની રજુઆત છે. તેમની વધુમાં દલીલ એવી છે કે આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચરેલો છે અને આરોપી સામે એક કરતાં વધુ ગુના નોંધાયેલા છે તેમજ સજાની જોગવાઈ જોતાં આરોપીની જામીન અરજી નામંજુર કરવી જોઈએ.

(૪) આમ, ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લેતાં તથા આરોપી સામે આક્ષેપાયેલ ગુના ની મહતમ સજાની જોગવાઈ દશ વર્ષની અને નામદાર સેસન્સ કોર્ટ ધ્વારા ચલાવી શકાય તેવો કેસ છે.આરોપી સામે આક્ષેપાયેલ ગુનામાં દશ વર્ષ કેદની સજાની જોગવાઈ હોય અને નામદાર સેસન્સ કોર્ટ ધ્વારા ચલાવી શકાય તો કી હોય બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૦ હેઠળ જોગવાઈ જોતાં આવા પ્રકારના ગુનામાં આરોપીને જામીન મુકત કરવા બાબતે સામાન્ય રીતે અત્રેની અદાલતને સત્તા રહેલી નથી પરંતુ તે જોગવાઈમાં જણાવેલ વિશિષ્ટ સંજોગોમાં જ આરોપીને જામીન મુકત કરવાની આ અદાલતને સત્તા રહેલી છે.હાલની આરોપીની જામીન અરજી જોતાં બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૦ ની જોગવાઈ તળે આરોપીને જામીન મુકત કરવા માટે વિશિષ્ટ સંજોગો રહેલા નથી અને તેથી આ આરોપીને જમીન મુકત કરવાનું ઉચીત જણાતુ ના હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આરોપીની બોરસદ રૂરલ પોલીસ સ્ટેશન ગુ. ર. નં.1215007250415-2025,BNS SEC.316 (2), 318(4),61(2),123,2044351(3)મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે જામીન અરજી નામંજુર કરવામાં આવે છે.

**<u>હુકમ</u>:** આજરોજ,તા :૧૫ મી ડીસેમ્બર સને : ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં, વાંચી,સંભળાવી મારી સહી/સીકકો કરીને જાહેર કરવામાં આવેલ છે.

સ્થળ : બોરસદ
તા.: ૧૫/૧૨/૨૫

**(શૈલેષકુમાર કે.પટેલ)**
**(Code No.GJ01326)**
ઈ.ચા.મુખ્ય સીની.સિવીલ જજ અને એડી.ચીફ જયુ.
મેજી.બોરસદ